૧૫ માં નાણાપંચની ભલામણ
અનુસાર અનુદાનની ટાઇડ ગ્રાન્ટનો
ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-બ સેલ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯/૦૯/૨૦૨૦

વંચાણે લીધાઃ (૧) ભારત સરકારશ્રીના પંચાયતી રાજ મંત્રાલયના સંયુક્ત સચિવશ્રીનાં તા.૨૦/૦૨/૨૦૨૦ના અ.સં પત્ર ક્રમાંકઃ G-39011/2/2017-FD

(૨) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગના ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-ત, તા. ૦૧-૦૫-૨૦૨૦

**પ્રસ્તાવના:**

ભારત સરકારના પંચાયત મંત્રાલયના સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૦-૦૨-૨૦૨૦ ના પત્ર અન્વયે પંદરમા નાણા પંચની ભલામણ અન્વયે ગુજરાત રાજ્યને રૂ. ૩૧૯૫.૦૦ કરોડની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ સંદર્ભ (૨) ના ઠરાવથી વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્યને મળવાપાત્ર ૫૦% બેઝીક અને ૫૦% ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ કયા હેતુઓ માટે થઇ શકશે તે અંગેની વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જેમાં

(૧) બેઝિક ગ્રાન્ટ ( Basic Grant ) અને (૨) ટાઇડ ગ્રાન્ટ (Tied Grant)
જે ૫૦ : ૫૦ % નાં સપ્રમાણ ગુણોત્તરમાં મળવાપાત્ર હશે.

(૨) બેઝિક ગ્રાન્ટનો વપરાશ પંચાયતી રાજ સંસ્થાઓની જરૂરિયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે જ્યારે ટાઇડ ગ્રાન્ટનો ૧૫ માં નાણાપંચની વર્ષ ૨૦૨૦-૨૧ ની મધ્યસ્થ ભલામણોના પ્રકરણ-૫માં દર્શાવેલ હેતુ માટે જ ઉપયોગ થઇ શકશે.

ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજના, સનીટેશન અને ખુલ્લામાં સૌચ મુક્તીના કામો માટે કરવા અંગેની સુચનાઓ બહાર પાડેલ છે. જ્યારે પાણીના કામો માટેની સુચનાઓ બહાર પાડવા માટે ભારત સરકારના જલ મંત્રાલયની સૂચનાઓ અન્વયે નર્મદા, જળસંપિત્ત, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના (પાણી પૂરવઠા પ્રભાગ) દ્વારા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને વિનંતી કરવામાં આવેલ છે.

જે અન્વયે પુખ્ત વિચારણાના અંતે ૧૫ માં નાણાંપંચની ટાઇડ ગ્રાન્ટમાંથી પીવાના પાણીની યોજનાઓ માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત દ્વારા કેવા પ્રકારના કામો હાથ ઉપર લેવા અને તેના અમલીકરણની પ્રક્રિયા શું રાખવી, તેના માટે નીચે મુજબની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) ગ્રામ પંચાયત સ્તરે લેવાના થતા કામો:
<u>૧૫ માં નાણાં પંચની ટાઇડ ગ્રાન્ટમાંથી પીવાના પાણીને લગતા નીચે મુજબના કામો લઇ</u> શકાશે.

૧. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણી.
૨. નવા પાતાળકુવાઓ બનાવવાની કામગીરી.
૩. પમ્પીંગ મશીનરી, પેનલ બોર્ડ વગેરે મરામત અને નિભાવણી.
૪. ફળિયાઓને મુખ્ય ગામ સાથે જોડવાની કામગીરી. નવા ઘર કનેક્શનને ગ્રામ્ય પાણી પુરવઠા યોજના સાથે જોડવાની કામગીરી.
૫. ગ્રામ્ય સ્તરે ભુગર્ભ ટાંકા અને ઉંચી ટાંકી બનાવવાની કામગીરી.
૬. પાણી વેરાનો ખર્ચ.
૭. ડોમેસ્ટીક વોટર સપ્લાય પ્રોટેક્શન એક્ટના અમલિકરણને આનુશાંગિક ખર્ચ જેમાં વોટર ઓડિટ કરવાનો સમાવેશ છે.
૮. પ્રાથમીક શાળા, આંગણવાડી, પ્રાઇમરી હેલ્થ સેન્ટરને, અન્ય સરકારી, અર્ધ સરકારી એકમોને પાણી જોડાણ આપવાના કામો.
૯. રીજુવીનેશન અન્વયે હાથ ધરવાના કામોમાં આપવાની થતી પંચાયત ફાળાની રકમ જમા કરાવવી.
૧૦. ગ્રામ્ય વિતરણ યોજનામાં ફ્લો મીટર લગાવવા, જોનિંગની વ્યવસ્થા અથવા ફ્લો મીટર મારફતે વિતરણ વ્યવસ્થાની ગુણવતા સુધારવી.

**અમલીકરણની રીત :**

ગ્રામ્ય પંચાયત પાણી પુરવઠાને લગતા કામો વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ મારફતે અથવા જાતે હાથ ધરી શકાશે. જાતે કામ હાથ ધરવાના કિસ્સામાં રૂ. ૫૦૦૦૦/- થી ઉપરની રકમના હાથ ધરવાના કામના કિસ્સામાં તાંત્રિક મંજુરી વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે. વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ મારફતે કરાવવાના કામના કિસ્સામાં ગ્રામ પંચાયત તે રકમ વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ ના હવાલે ડીપોઝીટ તરીકે મુકશે અને અમલવારી વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવશે.

(૨) તાલુકા, જિલ્લા પંચાયત દ્વારા લેવાના થતા કામો:

૧૫માં નાણાપંચની ટાઇડ ગ્રાન્ટમાંથી નીચે જણાવેલ પીવાના પાણીની યોજનાઓ માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને જીલ્લા અને તાલુકા પંચાયત દ્વારા ગ્રાન્ટ ફાળવી શકાશે.

૧. નવી જુથ પાણી પુરવઠા યોજનાઓ
૨. જુથ પાણી પુરવઠા અથવા સોર્સના સુધારણાના કામો
૩. ફળિયાઓને જુથ પાણી પુરવઠા સાથે જોડાણ માટેની કામગીરી
૪. સુનિશ્ચિત સોર્સ માટે બલ્ક પાઇપલાઇનના કામો
૫. જળ શુધ્ધીકરણ પ્લાન્ટ અને પમ્પીંગ સ્ટેશનની ક્ષમતામાં વધારો કરવાની કામગીરી.
૬. ગ્રામ્ય કક્ષાએ અથવા જુથ માટે સ્ટોરેજ, નવા નેટવર્ક, નવા સોર્સ ઉભા કરવા, ૨૪ X ૭ યોજનાકરવા, ફ્લોમીટર વિગેરે લગાવી ગુણવતા સુધારણાના કામો.

અમલીકરણની રીત :

જીલ્લા અને તાલુકા પંચાયત પાણી પુરવઠાને લગતા કામો વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ મારફતે અથવા જાતે હાથ ધરી શકાશે. જાતે કામ હાથ ધરવાના કિસ્સામાં તાંત્રિક મંજુરી પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારી પાસેથી મેળવવાની રહેશે. વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ મારફતે કરાવવાના કામના કિસ્સામાં તાલુકા અથવા જિલ્લા પંચાયત તે રકમ વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ ના હવાલે ડીપોઝીટ તરીકે મુકશે અને અમલવારી વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવશે.

(3) જિલ્લા અને તાલુકા પંચાયત દ્વારા પ્રોજેક્ટવાર ગ્રાન્ટની ફાળવણી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઇજનેર ના હવાલે કરવાની રહેશે. કાર્યપાલક ઇજનેર દ્વારા નાંણાકિય વર્ષના અંતે અને કામ પુર્ણ થયા પછી ગ્રાન્ટના વપરાશ અંગે ઉપયોગીતા પ્રમાણપત્ર આપવામાં આવશે. એક વર્ષથી વધુ સમય સુધી અમલીકરણના પ્રોજેક્ટમાં જે તે પંચાયત વર્ષ વાર પોતાના કામો આપી શકશે.

પીવાના પાણી માટે ઉપલબ્ધ કરાયેલ ટાઇડ ફંડનો ઉપયોગ પીવાના પાણી માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે વાપરવામાં ના આવે તેની કાળજી જે તે પંચાયતના સબંધિત અધિકારીએ રાખવાની રહેશે.

આ ઠરાવ નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની ફાઇલ ક્રમાંકઃ જીઓઆઇ-૧૦૨૦૨૦-જીઓઆઇ-૬૨-ખ૩ પર સરકારશ્રીની તા.૦૪-૦૯-૨૦૨૦ ના રોજ મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

(એમ.એલ. ભગોરા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. વિધાનસભાના અધ્યક્ષશ્રી/ ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી,
- તમામ મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી,
- માન. રાજ્યકક્ષાના.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી,
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે સંસદસભ્યશ્રીઓ,
- ગુજરાત રાજ્યના સર્વે ધારાસભ્યશ્રીઓ,
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ,
- સચિવાલયોના સર્વે વિભાગો,
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર,
- સર્વે જીલ્લા સહાયકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ,
- નાણાકિય સલાહકારશ્રી, (પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સેક્શન અધિકારીશ્રી, "બ સેલ" શાખા,
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત પરિપત્ર પંચાયત વિભાગની વેબસાઇટ પર મુકવા યોગ્ય કાર્યવાહી અર્થે,
- નાયબ સેક્શન અધિકારીશ્રી, "બ સેલ" શાખા,
- શાખા સિલેક્ટ ફાઇલ,